## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

### સલામી સવારની..

લઘુમતિ ક્યાંક અનામત ને છંછેળી પીડે છે,
ચૂંટણી આવે ને નેતાઓ નાત-જાત ને ભીડે છે,
બીડે છે આંખ સમાજ - સુરક્ષાના સંતુલનથી
ઊભી કરે તિરાડ સમાજમાં, સ્વાર્થના કીડે છે..
(રાજકારણના દાવપેચ)

### હાઈકુ

મળી છે તક!
પાંચ વર્ષે એક તો -
'ચૂંટણી' ભરો..
(મત એટલે ચોંટીયો)

પેટ મસળી
સિરક્રીક નું દર્દ
કરશે ઊભું!
(હવે 'એ' રાષ્ટ્રીય નેતા
થયા છે ને!!)

## ચિંતન

**કિમકાર ન કાર્યણ્યં કસ્યાલંગિ ન દેહલી ।**
**અસ્ય પાપોદર સ્યાર્થે કિમનાદિ ન નાટકમ્? ॥**

'આ પાપી પેટને માટે માણસે કઇ કઇ ક્ષુદ્રતા-નીચમાં નીચ અધમ કાર્યો નથી કર્યાં? અને કેવા કેવા નાટક-દંભ-છળકપટ કર્યાં નથી?

આ પાપી પેટની જરૂરિયાત તો બે રોટલી ને દાળની જ છે પણ એટલી ભૂખને માટે ભિક્ષુક મજૂરથી વેપારી અને સેવકથી કદી નેતાશ્રીઓ કેવાં કેવાં કૌભાંડ-ના પાપ નથી કરતા? પશુઓનું ઘાસ ખાય, ટેલિફોન ખાય, કમીશન તો બધાંમાંથી ખાય! સિમેન્ટ ખાઇ જાય રેતીના પુલ-મકાન બનાવે અનેક નિર્દોષનો ભોગ ખાય! ઘી-દૂધ-માવામાં ભેળસેળ કરી લોકોની જિંદગી સાથે રમત રમે.

એક માત્ર નાનાં પેટ માટે મોટાં-મોટાં કૌભાંડ કરે, એકના બમણાની છેતરપીંડી કરે, નિર્દોષ વૃધ્ધોના ખૂન કરી લૂંટ કરે, સગાં-સંબંધી સાથે 'જમીન'ની છેતરપીંડી કરી વેંચી નાખે.

પાપી પેટ માટે લોકો કેવાં કેવાં પાપ નથી કરતાં, ભૂખને કારણે બુધ્ધિ-વિચાર શક્તિ - કુંઠિત થઇ જાય છે.

અરે સંત-સાધુ-મહાત્માઓ પણ પેટ માટે કેવા દંભ-નાટક નથી કરતા? સાધુ વેશમાં ટીલાં ટપકાં કરી ભક્તોને 'નવડાવી' નાખે છે..

## સુવિચાર

- જેને પોતાના પેટનો ખ્યાલ નથી અને ખાવામાં જ બેદરકાર હોય એ વ્યક્તિ જીવનમાં બધી બાબતો પ્રત્યે બેદરકાર જ હોય છે - **સેમ્યુઅલ જોન્શન**
- શરીર અને મન માટે 'પ્રસન્નતા' અતિ આવશ્યક છે - **એડિસન**
- પ્રાર્થના ધર્મનો આધાર સ્તંભ અને સ્વર્ગની ચાવી છે - **મુહમ્મદ**
- શબ્દો જેટલા ઓછા એટલી પ્રાર્થના ઉત્તમ - **લ્યૂથર**
- આત્મગ્લાનિ, બીજીવાર ભૂલ ન કરવાનો મક્કમ નિર્ણય અને આત્મશુધ્ધિ આ ત્રણ સાચા પ્રાયશ્ચિતનાં પગથિયાં છે - **જુન્નેદ**
- પ્રિયજનની પ્રેમાળ દૃષ્ટિથી જે આનંદ પ્રાપ્ય થાય છે તે કોઇ સોનું-રૂપું-પૈસાથી મળી શકતો નથી - **લબક**
- રોગ, શોક, સંતાપ, બંધન - અશાંતિ. એ આપણે પોતે રોપેલાં અપરાધ રૂપી વૃક્ષના ફળ છે - **હિતોપદેશ**

## બોધ કથા

આપણે નાની નાની મુશ્કેલી-તકલીફ-પીડા-રોગ-આપત્તિમાં એવાં બેબાકળા થઇ જઇએ છીએ કે ભગવાનને પણ ભૂલી જઇએ એટલું જ નહીં, ભગવાનને પણ 'અન્યાય' કરે છે એમ કહી 'ભાંડવા' લાગીએ છીએ. આપત્તિઓ આપણા કર્મોનું ફળ છે, ઇશ્વરની ઇચ્છા છે એને આવકારતાં શીખો - સહન કરો.

મધ દરિયે, વાવાઝોડું આવ્યું, નાવમાં બેઠેલાં બધાં મુસાફરો હાંફળા-ફાંફળા થઇ ગયા. મુખ્ય નાવિકે કહ્યું, નાવમાં પાણી ભરાય છે એને ઉલેચો. જરૂર પડે ભારે માલસામાન પણ સમુદ્રમાં પધરાવી દેવો પડશે. લોકો કામે લાગી ગયાં.

એક ઓલિયો ફકીર આરામથી લાંબો થઇ પડ્યો હતો. કોઇએ તેને જગાડી પરિસ્થિતિની વાત કરી. ઓલિયા પાસે ખપ્પર હતું. એનાથી દરિયાનું પાણી ભરી ભરી નાવમાં ઠલવવા લાગ્યો. કેપ્ટને એ જોયું પણ અત્યારે એની સાથે લમણાઝીક કરવાનું યોગ્ય ન લાગ્યું.

થોડીવાર પછી તોફાન સમી ગયું. લોકોને હાશ થયું. પેલો અલમસ્ત ઓલિયો હવે નાવમાંથી પાણી કાઢવા લાગ્યો હતો. કેપ્ટને એ પણ જોયું.

પછી ઓલિયાને પૂછ્યું તમે બંને વખતે તોફાન પહેલાં અને પછી કેમ આવી વિપરીત ક્રિયા કરી?

ઓલિયો કહે- તોફાન મોકલ્યું, ઇશ્વરની ઇચ્છા હતી, એની ઇચ્છામાં મેં સૂર પૂરાવી નાવમાં પાણી ભરતો હતો. તોફાન સમ્યું ઇશ્વરની એવી ઇચ્છા સમજી-પાણી કાઢતો હતો.

ઇશ્વરની ઇચ્છા સામે સુમેળ સાધો.

# જીવનનો આનંદ મેળવતાં ભાનુભાઇ કવિ બની જાય છે અને ૧૯૭૬માં 'ટહુકતાં એકાંત' નામે કાવ્ય સંગ્રહ બહાર પાડે છે

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

**સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'**

### ● સમાચાર સેતુ

ગાંધીનગર સાહિત્ય સભાની રાબેતા મુજબ દર માસના બીજા રવિવારે અચૂક મળતી સભા તા. ૯-૧૨-૨૦૧૨ ના રોજ, ખુશનુમા વાતાવરણના માહોલમાં, સેકટર-૨૧ ખાતેના નમન એપાર્ટમેન્ટમાં સિનિયર સિટીઝન કાઉન્સિલના સદ્ભાવથી તેઓશ્રીનાં કાર્યાલયમાં પ્રમુખશ્રી દોલતભાઇ ભટ્ટનાં અધ્યક્ષપણા હેઠળ મંત્રીત્રી નટવર હેડાઉની ઉપસ્થિતિમાં સંપન્ન થઇ.

શબદની સંગિની મા શારદાની સ્તુતિવંદનાથી સભાનું મંગલાચરણ કર્યા બાદ અધ્યક્ષશ્રીએ



તેમનાં સ્નેહ અને લાગણીસભર વક્તવ્યમાં સર્વેનું ઉષ્માભર્યું સ્વાગત કરી, ડિસેમ્બરમાં જેઓનો જન્મદિન હતો તેઓને અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી.

અધ્યક્ષ સ્થાનેથી સંસ્થાના સહમંત્રી તરીકે શ્રી મૂળજીભાઇ એ. પરમાર 'દધિ' ના નામની દરખાસ્ત થતાં, સર્વાનુમતે તેમની સહર્ષ સહમંત્રી તરીકે વરણી કરવામાં આવી.

સાહિત્ય સભાની માસિક બેઠકમાં ગાંધીનગરના સ્થાનિક સાહિત્યકાર/વક્તાઓના સાહિત્ય વિષયક અને સમાજોપયોગી સંવાદો ગોઠવવાનું નક્કી કરવામાં આવ્યું. જે મુજબ તા. ૧૩-૧-૨૦૧૨ને રવિવારનાં રોજ સાંજનાં ૪ - ૩૦ કલાકે 'કવિ કાલીદાસ' વિષય પર, સંસ્કૃતના પ્રાધ્યાપક હેમાંગી ઘુઘરાવાલાનું વકતવ્ય રાખવામાં આવ્યું છે.

સંસ્થાના વાર્ષિક કાર્યક્રમ તા. ૧૦-૨-૨૦૧૩ને રવિવારના રોજ યોજવાનું નક્કી કર્યું.

''પ્રાગદાસબાપા વ્યાખ્યાનમાળા'' માટે ઉદ્યોગપતિ શ્રી એન.પી.પટેલ દ્વારા રૂા. ૫૧,૦૦૦/- (એકાવન હજાર) નું સંસ્થાને દાન જાહેર કરવામાં આવ્યું જેનો સસ્નેહ આભાર સ્વીકાર કરવામાં આવ્યો.

સાહિત્યથી વિમુખ થતી આધુનિક પેઢીને સાહિત્યમાં રસ લેતાં કરવાના અને સાહિત્ય પ્રવાહમાં જોડાય તે અંગેના ઉપાયો વિચારવામાં આવ્યાં.

● સુરત ખાતે તા. ૨૧-૧૨-૨૦૧૨થી યોજાનાર ગુજરાતી સાહિત્ય પરિષદના ૨૭માં જ્ઞાનસત્રમાં ગાંધીનગર સાહિત્ય સભાના સભ્યો અને સાહિત્યકારો સર્વશ્રી ભરત કવિ, હરિકૃષ્ણ પાઠક, ભાનુપ્રવાદ પુરાણી, હર્ષદ ત્રિવેદી, કિશોર જીકાદરા વિગેરે ઉપસ્થિત રહેશે.

● ભાવનગર ગદ્યસભા દ્વારા 'લઘુ કથા' સ્પર્ધા યોજવામાં આવેલ છે, જેમાં ભાગ લેવા માંગતા સર્જકોએ સ્વરચિત, પ્રગટ અને સંપૂર્ણ મૌલિક ગુજરાતી લઘુકથા તા. ૩૧-૧૨-૨૦૧૨ સુધીમાં અજય ઓઝા (ભાવનગર ગદ્ય સભા, પ્લોટ નં. ૫૮, મીરા પાર્ક, આસ્થા, અખિલેશ સર્કલ, ઘોઘા રોડ, ભાવનગર-૩૬૪૦૦૧, ફોન નં. (૦૨૭૮) ૨૫૬૩૨૯૮ ના સરનામે અથવા ઇ-મેઇલથી gadyasabha@hotmail.com પર મોકલી શકશે.

### ● શ્રધ્ધાંજલિ

● ગુજરાત સાહિત્યનાં જાણીતા લેખક અને આશકા મંડલ, કટિબંધ, કઠમાણ, અર્ધીરાતે આઝાદી જેવી લોકપ્રિય નવલકથાઓનાં સુપ્રસિધ્ધ નવલકથાકાર શ્રી અશ્વિની ભટ્ટનું અમેરિકામાં ડગલાસ ખાતે, હૃદયરોગના હુમલાથી દુઃખદ નિધન થતાં, ગાંધીનગર સાહિત્ય સભા ઊંડા દુઃખ અને ઘેરા શોકની લાગણી સાથે શ્રધ્ધા સુમન અર્પણ કરે છે.

### પિતા-પુત્રની સ્મરણ વીથિકા

**(ગતાંકથી આગળ...)**

### પિતા-પુત્ર બંનેએ અથથી ઇતિ આત્મકથા લખી નથી પરંતુ સ્મરણ ચિત્રોની વીથિકા રચી છે

પિતાજીએ ગાંધીજીની શહીદી પછી 'સંતના સંભારણાં' નામે ગાંધી કાવ્યોનો સંગ્રહ બહાર પાડ્યો. તેની પ્રસ્તાવના ધવલભાઇ મહેતાએ લખેલી.

ભાનુભાઇએ ગીતો શાળામાં ગાતા! 'ઝગમગ'ને 'આંકડું' વાંચતાં વાચતાં કવિ થવાનો ચાળો થયો તે વખતનો મિત્ર પશો (હવે કવિ પુરૂરાજા જોષી) સાથે 'છૂમંભૂ' નામે હસ્ત લિખિત સામયિક શરૂ કર્યું, તે ઝગમગમાં છપાયું. વળી એક કવિતા પણ 'ઝગમગ'માં છપાઇ. આમ ભાનુભાઇ કવિ થઇ ગયા. 'રમકડું'માં પ્રવાસ વર્ણન મોકલ્યું ત્યાં 'અસ્વીકાર' થઇ પાછું આવ્યું.. બાળ હૃદયને કેટલું દુઃખ થાય? એને બદલે સંપાદકો ફક્ત 'સ્વીકાર'ની જાણ કરે અને બાકીનું કચરાપેટીમાં પધરાવે તો કેવું સારૂં! મને પણ પિતાંબર પટેલનો કડવો અનુભવ થયેલો. પ્રોત્સાહન આપવાને બદલે લખેલું, 'આમાં તમે તમારો અને મારો સમય બગાડો છો!' સમય ક્યાં બગાડે છે? એ તો વહેમો જાય છે અને પિતાંબર પટેલ ભૂલાઇ ગયા છે.

જે કચેરીમાં બેસી ભાનુભાઇ બાળ સામયિકો વાંચતા તેજ કચેરીમાં એ શિક્ષણાધિકારી થયા કેવો યોગાનુયોગ? '૫૬ની મહાગુજરાત ચળવળમાં ભાનુભાઇએ હાથમાં પથરો ઉચક્યો અને ખુદ ઇન્દુલાલ યાજ્ઞિકે એમનો હાથ પકડ્યો! મેં ઇન્દુલાલનાં પદયાજ્ઞાની કલાનાત થયેલાં પત્રનાં ૯ તળિયામાં કાંસાના વાટકાથી ઘી ઘસેલું! 'જીવનમાં એક કિશોરીનું આવવું, અચાનક આંખ મિચોલીમાંથી જીવનસાથી બની રહેવું.' ભાનુભાઇ એ વસંત પ્રવેશ કર્યો એવી જ નોકરી મળી દેવગઢ બારિયા. 'સાતપુડા પર્વતોની હારમાળા વચ્ચે મોતી પરોટયું હોય એવું નૈસર્ગિક સ્થળ!' વળી, પોરબંદર જવાનું થયું. 'પોરબંદરનો ખુલ્લો દરિયો, ચાંદની રાત, વાંભ વાંભ ઉછળતાં મોજાનો ઘુરવાર, દૂર દૂર ચાલી જતી હોડીઓ... જીવનમાં આનંદ મેળવવા આથી બીજું જોઇએ શું?' જીવનનો આનંદ મેળવતાં ભાનુભાઇ કવિ બની જાય છે. અને ૧૯૭૬માં 'ટહુકતાં એકાંત' નામે કાવ્ય સંગ્રહ બહાર પાડે છે.

'વતન વછોયો' માં કવિ વતનની પ્રીતિની વાત કરે છે. યજમાનના મરણ પછી સરવણીમાં જાયેલી સોળ જેટલી ગાયો અને સોળ વીઘાં જમીન હતી. પરંતુ 'ખેડે તેની જમીન' કાયદામાં જમીન ગણોતિયાને ગઇ. કોર્ટમાં પિતાજીએ આંખમાં આંસુ સાથે કહ્યું, 'બ્રાહ્મણ છું. ભાગિયાને મારી જમીન જોઇએ છે તે હું દાનમાં આપું છું.'

'છેલ્લો ઘૂંટડો' માં ફોઇનું સરસ શબ્દ ચિત્ર આપ્યું. પિતાનું પેન્શનમાંથી નિયમિત વિધવા બહેનને રકમ મોકલતા. આવા ભાઇ કોને હોય? શ્રી ભાનુભાઇની નિવૃત્તિ - નિવૃત્તિની વેળા આવી ગઇ. પેન્શનમાં વિલંબ થયો. 'સરકારના વહીવટમાં હૃદય જેવું કંઇ જ હોતું નથી!' આવું કેમ થતું હશે? સરકારમાં અંદર રહેલાં અને બહાર રહેલાં બંનેને જડતાનો અનુભવ કેમ થતો હશે? 'નિર્જીવ ફાઇળોમાં હૃદય કયાંથી ધબકે?' ભાનુભાઇ હૃદય તો અધિકારી કર્મચારીમાં હોય પણ તે જ ધબકતાં નથી!

કવિએ પોતે અજ્ઞાનતામાં કવિ શેષ્ઠ સુંદરમ્‌ને કહેલું દુઃખ પહોંચાડેલું તેનો રમુજી કિસ્સો આપ્યો છે તે વાંચવા જેવો છે. એક વયોવૃધ્ધ વડીલ દશ લાખ જેવી માતબર રકમ શિક્ષણાર્થે વાપરવા ઇચ્છતા હતા. તેમને ભાનુભાઇએ આઇ.ટી.આઇ. શરૂ કરવા કહ્યું અને વડીલે શરૂ કરી. રોજગારી પ્રાણપ્રશ્ન છે અને તેનો ઉકેલ જરૂરી કૌશલ્ય છે.

'સાસણગીરમાં...' માં ભાનુભાઇને સિંહ અને માનવીના સામજયનો અનુભવ થાય છે. સિંહ રાજવી અદાથી બેઠો હોય અને માલધારી નિરાંતે માથે વાસના પૂળા મુકી ચાલતો પસાર થાય! ડાકોરમાં એક સંન્યાસી ફક્તએક પૈસો માગે છે. છૂટા ન હોવાથી લેવા ગયા. ફરી મળ્યા ત્યારે અલગારી સંન્યાસી કહે, 'અબ જરૂર નહિં, આજકા કામ ખત્મ!' તો ખંભાતના નિર્જન દરિયાકાંઠે વસેલા એક ગામમાં નવી શરૂ થયેલી હાઇસ્કૂલનો એકલવીર શિક્ષક રાષ્ટ્રધ્વજ ફરકાવી ૧૫મી ઓગસ્ટનું માન જાળવે છે. પેલા ટ્રેનમાં ભટકાઇ ગયેલા મિલિટરીમેન સાથે લગ્ન કરી સુખ ભોગવી રહે તેવી વાત કરવાનું પણ ભાનુભાઇ ચૂકતા નથી.

દ્વિભાષી મુંબઇ રાજય કેમ રચાયેલું તે જાણો છો? મુંબઇ પર બંનેનો દાવો હતો એટલે સૌને રાજી રાખવા તે વખતના રાજપુરૂષોએ સગવડિયાં લગ્ન કરાવેલાં તે 'મહાગુજરાત' અને 'જય મહારાષ્ટ્ર'નાં આંદોલનોથી તૂટી ગયેલાં!

માથે લાકડાંનો ભારો રાખી એક આદિવાસી વૃધ્ધા એના બાળકને કહે છે, 'બેટા રડીશ નૈ આ ભારો વેકાઇ જશે ને તને ચોપડિયું લૈદૈશ!' આને કહેવાય શિક્ષણની ભૂખ!

મધ્ય ગુજરાતમાં ભારે પૂર આવતાં શાળાનાં બાળકો તણાઇ ગયાં છે એવી અફવા ફેલાતાં ભાનુભાઇ વરસતાં વરસાદમાં દોડે છે. બસ સ્ટેશન પર પાણી વચ્ચે બેસી રહે છે વળી, ઓટકલરની કૃપાથી ગેસ્ટ હાઉસ મળે છે. 'શાળામાં જઇ ૧૨ જમાવનારા અને મિયાંની મીંદડી થઇને બેસી પડ્યાં!'

ભાનુભાઇ દલિત સાહિત્યના 'જોસેફ દાદા' એવા જોસેફ મેકવાનની મહેમાનગતિ પામવા સદ્ભાગી બન્યા છે. એમણે જોસેફ ભાઇનું સરસ રેખાચિત્ર દોરી આપ્યું છે.

ગાંધીજીના પુત્ર (સુપુત્ર નહિ કહેવાય) હરિલાલનું રેખાચિત્ર ભાનુભાઇ લખે છે, 'માટીમાંતી માનવ બનાવનાર આ મહામાનવનો પુત્ર જ માનવમાંથી માટી કેમ બન્યો એ જ એક કોયડો છે.'

(અનુસંધાન પાના નં. ૬ પર)

# અશ્વિની ભટ્ટ એ ગુજરાતી સાહિત્યની એક અભૂતપૂર્વ 'ઘટના' લેખે આવનારાં અનેક વર્ષો લગી યાદ રહેશે, ગુજરાતી ભાષાને કોઇ જિવાડશે તો આવા લોકપ્રિય લેખકો જ

## હૃદયવાસી સર્જકનો સ્વર્ગવાસ

**- કેશુભાઇ દેસાઇ**

ગુજરાતી ભાષાને 'ભટ્ટ' અટકધારી સર્જકો સાથે લેણું છે. કયારેક 'ભટ પ્રેમાનંદ' અને શામળ ભટ્ટના નામના સિક્કા પડતા હતા. આજકાલ વિનોદ ભટ્ટ અને અશ્વિની ભટ્ટ આપણી ભાષાના બહુ વંચાતા અને વેચાતા લેખકો છે. ધ્રુવ ભટ્ટને ત્રીજા કાન્તિ ભટ્ટ પત્રકાર જગતની એવી જ એક નમૂનેદાર ઘટના છે. પણ યાદ કરવા પડે અશ્વિની ભટ્ટનું તાજેતરમાં હૃદયરોગના હુમલાથી અવસાન થયું છે. તેમના નિધનથી ગુજરાતી ભાષાને એના વિષમકાળમાં કયારેય ન પુરાય એવડી મોટી ખોટ પડી છે. આ ખોટ પડવાનો રૂઢિપ્રયોગ એટલો પ્રચલિત થઇ ગયો છે કે એ લગભગ દરેક નાનામોટા કલાકાર, સાહિત્યકાર કે રાજકારણીના અવસાન નિમિત્તે અચૂક વાંચવા - સાંભળવા મળે છે. અશ્વિની ભટ્ટ નો ઘણા મોટા ગજાના લેખક હતા. એટલે એમના જવાથી આપણી ભાષાને અને વિશેષ પણે 'થ્રીલર' પ્રકારના ફિકશનને જે ખોટ પડી છે એની ભરપાઇ હાર પૂરતી તો કોઇ કરી શકે એવું દેખાતું નથી. નામફેર કરીને પ્રેમાનંદ માટે નવલરામે યાદગાર શ્રદ્ધાંજલી લખી હતી એનું પુનરાવર્તન કરવાનું મન થઇ આવે :



અશ્વિની ભટ્ટના પેંગડામાં પગ ઘાલે એવો લોકપ્રિય નવલકથાકાર આપણી ભાષામાં પાક્યો નથી અને પાકશે કે કેમ, એ પ્રશ્ન છે.

'કરણ ઘેલો' કે 'સાસુવહુની લડાઇ' જેવી નવલકથાઓથી આરંભાયેલી કથાયાત્રા ગોવર્ધનરામ ત્રિપાઠીના 'સરસ્વતીચંદ્ર' અને મુનશીના 'ગુજરાતનો નાથ' જેવા પડાવ પસાર કરી પન્નાલાલ પટેલની 'માનવીની ભવાઇ' અને મનુભાઇ પંચોળીની 'ઝેર તો પીધાં જાણી જાણી' જેવી સાગા (મહાનવલ) સુધી પહોંચી તે પછી ગુજરાતી ભાષાના સરેરાશ વાચકને જેની તીવ્ર પ્રતીક્ષા હતી તે થ્રીલર લઇને આવેલા અશ્વિની ભટ્ટને ઉન્નતભ્રૂ વિવેચકોએ ભલે અવગણ્યા હોય પરંતુ, વાચકોએ એમને હૈયાનો હાર બનાવી દીધા હતા. તે હકીકતને કોઇ પડકારી શકે એમ નથી. કહેવાતા 'મૂર્ધન્ય' લેખકો ફકત યુનિવર્સિટીઓના અભ્યાસક્રમોમાં અટવાતા રહ્યા ત્યારે અશ્વિની ભટ્ટ લાખો આમ વાચકોના લાડકા લેખત તરીકે બેશુમાર લોકપ્રિયતા હાંસલ કરનારા ગુજરાતી કથા સાહિત્યના બેતાજ બાદશાહ બની રહ્યા. એમની આ બાદશાહત કોઇ ટૂંકજીવી ઘટના નહોતી. અશ્વિની અમદાવાદ છોડીને અમેરિકા ચાલ્યા ગયા ત્યારે પણ એમના ગુજરાતી વાચકો એમને એટલો જ પ્રેમ આપ્યો છે. અશ્વિની ભટ્ટ ગુજરાતી મધ્યમવર્ગના સૌથી લોકપ્રિય વાર્તાકાર- નવલકથાકાર તરીકે ઘેર ઘેર વંચાતા લેખક બની શક્યા તેની પાછળ ફકત એમનું રહસ્યમય કથાનક જવાબદાર છે, એવું નહીં કહી શકાય. એવાં રહસ્યમય કથાનકો તો એમના અન્ય સમકાલીન લેખકોની કૃતિઓમાં પણ ઢગલામોઢે મળે છે. પરંતુ એવા લેખકોની કૃતિઓની વારંવાર આવૃત્તિઓ થઇ નથી. પ્રિયકાંત પરીખ જેવા યુવાવર્ગને ઘેલું લગાડનારા લેખકોની નવલકથાઓ એનું ઉદાહરણ છે. અશ્વિની ભટ્ટની નવલકથા એ 'સંપૂર્ણ નવલકથા'નો આસ્વાદ્ય નમૂનો બની જતી. પોતાની વાર્તા માટે અશ્વિની લાંબી ખેપ ખેડતા. જે વિસ્તાર અને પરિવેશનું વર્ણન અને વિવરણ કરવાનું હોય તે વિસ્તારમાં ધામા નાખીને પડી રહેતા. એ નાનામાં નાની બાબતનું ઝીણવટભર્યું અવલોકન કરીને એને આબેહૂબ શબ્દોમાં કંડારતા. અશ્વિનીની કૃતિઓ વાંચકોને આખો પરિવેશ આંખવગો કરી આપે છે, એ એમની ચિત્રાત્મક શૈલીનો આગવો વિશેષ છે. એકવાર હાથમાં લીધા પછી પાંચસો-છસો પાનાંની દળદાર નવલકથા પૂરી કરવી જ પડે, એવી રસાળ શૈલી, એવું પ્રસંગચિત્રણ અને એવું જીવંત પાત્રલેખન. ઘટનાનો હ્રાસ કરવાની હોડમાં પડેલા સુરેશ જોશીના અનુચરો જ્યારે એમના પ્રયોગોમાં અટવાતા હતા ત્યારે અશ્વિની ભટ્ટ ઘટનાઓનો ઘટાટોપ સરજી વાચકોને બખ્ખા કરાવી રહ્યા હતા. એમણે વાચકોને જાણે કથારસનું અફીણી ઘેન ચડાવી દીધું ન હોય! વાચક કિશોરવયનો હોય કે વૃધ્ધ : અશ્વિની ભટ્ટ એને કોઇ જાદુગરની અદાથી કથાપ્રવાહમાં આકંઠ ડુબાડી દેતા. પોતે નિર્લેપ રહે, વાચક વાર્તાના ધસમસતા વહેણ સાથે તણાતો જાય. બક્ષી કરતાં ઘણા વધારે લોકપ્રિય અને કથારસનો કસૂંબો ઘોળનારા 'માસ્ટર સ્ટોરી ટેલર' આ લેખકને કયારેય પોતાની લોકપ્રિયતા કે સર્જકતાનો નશો નથી ચડ્યો. જ્યારે પણ જોયા હશે ત્યારે એમને પાછળની પાટલી પર ક્યાંક ખૂણે ઢબૂરાઇને ચૂપચાપ બેઠેલા જોયા છે. કાન્તિ રામી જેવા પત્રકાર મિત્ર પાસે જ બે શબ્દો લખાવે, કયારેય કોઇ નામધારી વિવેચક કે મૂર્ધન્ય પાસે પ્રસ્તાવના લખાવવા ન જાય. એમને વળી પ્રસ્તાવનાની જરૂર જ ક્યાં હતી? એમનું નામ જ પૂરતું હતું. ઘણા વાચકો તો એમને મહિલા માની બેસતા અને આટલી સરસ 'વાર્તા' લખવા બદલ લાગણીશીલ બની જઇ પ્રેમપત્રો પાઠવતા. અશ્વિની ભટ્ટને મળેલા વાચકોના આવા અઢળક સ્નેહ સામે દુનિયાનું મોટામાં મોટું સાહિત્યિક પારિતોષિક પાણી ભરે છે.

અવિનાશ પરીખે મુંબઇથી લોકપ્રિય સાપ્તાહિક 'અભિયાન' શરૂ કર્યું એમાં 'આખેટ' અને 'કટિબંધ' જેવા સાડા ત્રણ વર્ષ સુધી સળંગ ચાલતી ધારવાહિક નવલકથાઓ આપીને એક નવો વિક્રમ સજર્યો હતો. એમની 'આશકા માંડલ', 'નીરજા ભાર્ગવ' અને 'ફાંસલો' જેવી થ્રીલર નૅરેટિવ્ઝ ઉપરાંત 'કમઠાણ' અને 'કસબ' શ્રેણી પણ લોકપ્રિય બની હતી. અશ્વિની ભટ્ટે અમદાવાદના પ્રેમાભાઇ હોલના મેનેજર જેવી ઓછા પગારની નોકરી સ્વીકારેલી એની પાછળ એમની નાટ્ય ઘેલછા જ જવાબદાર હતી. એમની નવલકથાઓ અને વાર્તાઓમાં અદ્ભુત નાટ્ય ક્ષમતા છે. આવી નાટયાત્મક કથાઓ લખી શકનારા અશ્વિની ભટ્ટે નાટકમાં પ્રત્યક્ષ પણ ભાગ લીધો હતો. અખબારોમાં પ્રકાશિત થયેલા જયંતી પટેલ 'રંગલો' સાથેનાં એમનાં સંસ્મરણો એમની એ વિશેષ રસરુચિનો પરિચય કરાવે છે.

પંચોતેર વર્ષના અશ્વિની ભટ્ટે છેલ્લે છેલ્લે એમના અમેરિકામાં રહેતા પુત્ર સાથે રહેવાનું સ્વીકાર્યું હતું, છતાં એમને અમદાવાદ વાળું વ્રજ એટલું જ વહાલું હતું. અમદાવાદથી અમેરિકા આવનારા ચિનુ મોદી જેવા સર્જકોને એ પ્રેમપૂર્વક પોતાને ઘેર લઇ જતા. (તા. ૧૦ ડિસે., ૨૦૧૨ની સાંજે ગાંધીનગર નજીક સુઘડ ફાર્મમાં સ્વ. મફત ઓઝાના સુપત્ર તરલના પ્રભુતા પ્રવેશ નિમિત્તે યોજાયેલ પ્રીતિભોજનમાં ચિનુ મોદી મળી ગયા. આ લખનારે એમને અશ્વિની ભટ્ટના નિધનના સમાચાર આપ્યા ત્યારે તે લિટરલી હચમચી ગયા હતા. હાથમાંથી પ્લેટ પડી જતાં માંડ બચી હતી. એવો હતો સમકાલીન સર્જકોને અશ્વિની ભટ્ટનો અનુરાગ!

(અનુસંધાન પાના નં. ૬ પર)

# દાન આપી નિશાળ ન બંધાવી શકીએ... પણ બે બાળકોને શાળાએ જતા તો કરી શકીએ ને?

## સંસ્કાર ચિંતન

**- અનંત ન. વ્યાસ**

જયાંના નાગરિકોમાં જ્ઞાન તથા વિદ્યા પરત્વે ઊંડો સ્નેહ ભાવ હોય તે નગરી સંસ્કારી નગરી ગણાય. વિશાળ માર્ગો ઊંચા પ્રસાદો તથા બાગ - બગીચાથી નગરી સમધ્ધને રળીયામણી જરૂર લાગે પણ તેનાથી સંસ્કારનો ખ્યાલ ન આવે. નગરીના ઉચ્ચા વર્ગમાં નહિ પણ સામાન્ય જનતામાં જ્ઞાન, વિદ્યા અને જ્ઞાની પરત્વે આદરભાવ જણાય તો જાણ્યુ કે આ નગરમાં સંસ્કારિતાની સુગંધ છે. નગર સંસ્કારિતાના બે દર્શન રજૂ કરૂં છું. એક છે કચ્છ ભૂજનું બીજું આપણા આ ગાંધીનગરનું બંન્ને પ્રસંગો વીત્યે પચ્ચીસ કરતાં વધારે વર્ષ થયા હશે...

(૧) ભૂજ : શ્રી નાગજીભાઇ ભટ્ટી લાલન કોલેજમાં ગુજરાતીના પ્રાધ્યાપક હતા. ગુજરાત યુનિવર્સિટી તરફથી તેઓ પી.એચડી. થયા. તે દિવસે સ્થાનિક અખબાર 'કચ્છ મિત્ર'માં તેનો ફોટોને પરિચય છપાયેલો. પરિચયમાં જણાવાયેલું કે શ્રી ભટ્ટીએ પોતાના જીવનની શરૂઆત સાઇકલ રીપેર કરનાર - સામાન્ય મજૂર તરીકે કરેલી. અને ધીમે ધીમે પ્રગતિના સોપાન ચઢી તેઓ ઉચ્ચ ડિગ્રીધારી બન્યા છે.

તે દિવસે અમો કોલેજથી પાછા ફરતા હતા. લગભગ બાર વાગ્યાનો સમય થયેલો. મહાદેવ નાકા પાસે આવ્યા ત્યાં ત્રણ વ્યક્તિઓ સામે મળી. દરેકના હાથમાં ગુલાબનું તાજું ફુલ. એક ભાઇના હાથમાં 'કચ્છ મિત્ર' છાપામાં જોઇ અમારા સામું જોયું ને કહે. લાગે છે તો એજ... ચાલો પૂછીએ, અમને પણ નવાઇ લાગી. તો સામેથી પૂછ્યું, કેમ ભાઇ શી વાત છે?

તો એક ભાઇ કહે, 'આ નાગજીભાઇ ભટ્ટી, તે તમે?'

ભટ્ટી સાહેબે કહ્યું, 'હા હું જ નાગજી ભટ્ટી...'

એ ત્રણે ભાઇઓ આગળ આવ્યા તે નાગજીભાઇને ફુલ અર્પણ કરતા કહે, 'સાહેબ. અમો અમારી ભાવના આપને અર્પણ કરીએ છીએ.'

એમને નવાઇ લાગી, અમો તો કોઇને ઓળખીએ નહી એટલે ભટ્ટી સાહેબે કહ્યું, 'આપની આ ભેટ તો હું આનંદથી સ્વાકારૂં છું. પણ હું આપ સૌને ઓળખતો નથી. તમારી ઓળખાણ તો આપો...'

ઓળખાણ આપતાં એક ભાઇ કહ્યું, સાહેબ અમે તો ભીડ. બજારમાં મજૂર છીએ. ખટારામાં માલ-સામાન ચઢાવવા- ઉતારવાની મજૂરી કરીએ છીએ. થોડું ભણ્યા તો આજે સમાચાર વાંચ્યા. આપણામાં નો જ એક મજૂર આટલા ઉચ્ચ સ્થાને પહોંચ્યો છે તે મળવા જઇએ. એમને બધાને આ સમાચારથી ભારે આનંદ થયો છે. વાહ..., આ એક માણસે - આપણને - મજૂરોને ઉજળા કરી દર્શાવ્યા. તમારે તો કેટલી બધી મહેનત કરવી પડી હશે. અમે તો બીજું શું કરી શકીએ. પણ અમારી લાગણી દર્શાવવા આ એક ફૂલ આપને અર્પણ કરીએ છીએ.

ભીડ, બજારમાં મજૂર કરનાર સામાન્ય વ્યક્તિનો જ્ઞાન પરત્વેની આ ભાવના જોઇ અને સ્તબ્ધ થઇ ગયા. કોલેજમાં થયેલા વખાણોમાં જે ન હતું તે આ અભણ મજૂરોના પાંચ વાક્યોમાં હતું. ફુલના સ્વીકાર સાથે નાગજીભાઇની આંખમાંથી હર્ષાશ્રુ સહી પડ્યા અમને નાગરિક જીવનની એ ઉચ્ચ સંસ્કારીતાના દર્શન થયા.

(૨) આપણા આ ગાંધીનગરના બાળકો ભણતા થાય. શાળામાં જાય તો ક્યારેક ગામ સુધરે તેવી ભાવનાનું દર્શન સેકટર-૭ની શાક-માર્કેટમાં થયું. સેકટર-૭ની શાક માર્કેટ ચલક-ચાલાણાની જેમ ફરતી રહે છે. એ વખતે શોપિંગ સામેના ખુલ્લા મેદાનમાં ભરાતી.

શાક લેવા જતા એક વિચિત્ર દૃશ્ય જોવા મળ્યું. એક યુવાનની મસાલાની લારી અને તેમાં વિક્સ-વેપોરબની ત્રિકોણાકાર ટીકડીનો પેક ડબ્બો. પૂછ્યું કે શું ઘરમાં સૌને શરદી થઇ છે? આખો ડબ્બો કેમ લીધો. જવાબમાં તેણે જે કહ્યું તે તેની ભાવનાનું દર્શન કરાવનાર હતું. એ કહે સાહેબ અને શર્દી ન થાય. આ ટીકડીઓ બાળકોને વહેંચવા માટે છે.

વેચવા માટે? મારાથી પૂછાઇ ગયું.

વેચવા માટે નહી. વહેંચવા - જુવો - હું કાલે બપોરે. ગામની શાળામાં જઇશ. ને નાના-બાળકોને આ ટીકડીઓ આપીશને કહીશ. જે રોજ શાળાએ આવશે તેને રોજ ટીકડીઓ મળશે. તે બાળકો ટીકડીના લોભે લોભે રોજ શાળામાં આવે છે. શિક્ષક ઉત્સાહી છે એટલે એક વખત શાળામાં આવતું બાળક રસ પડતાં કાયમ આવતું થઇ જાય છે. મારે મહિને બે ડબ્બાનો ખર્ચ થાય છે. પણ ગામના અર્ધા ઉપરાંત બાળકો શાળાએ જતા થઇ ગયા. બાળકો ભણશે. આગળ વધશે તો ક્યારેક ગામ સામે પણ જોશે... ગામમાં બે સારાં કામ થશે. આપણે વધારે તો શું કરી શકીએ... દાન આપી નિશાળ ન બંધાવી શકીએ.. પણ બે બાળકોને શાળાએ જતા તો કરી શકીએને? એક સામાન્ય શાક- મસાલા વેચનારની આ ભાવના પણ આપણી સંસ્કૃતિનો દિપ કેવો પ્રકાશે છે તે દર્શાવે છે.

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

### ૧૫મી ડિસેમ્બર

● 'ધનૂર' વિષે સંશોધન કરનારા મુંબઇના સેવાભાવી તબીબ ડો. ભાસ્કર રાવ વી. ચોધની જન્મજયંતિ ૧૫-૧૨-૧૮૯૮. ઇન્ડિયન ડિફેન્સ ફોર્સમાં પ્રથમ વિશ્વયુધ્ધ વખતે તેમણે નોંધપાત્ર સેવાઓ આપી હતી.

● ૧૬૧૭ - ઇંગ્લેન્ડના



એલચી તરીકે સર ટોમસ રોનું અમદાવાદમાં આગમન.

● ૧૯૭૪ - ભારતીય કલા સંસ્કૃત પ્રેમી વિદ્વાન ડો. મોતીચંદ્ર કૃષ્ણચંદ્રનું અવસાન.



● શાસ્ત્રીય સંગીતજ્ઞ, મશહૂર ગાયિકા રસૂલભાઇનું અવસાન.

● ૧૮૬૫ - સંસ્કૃતના તંતશાસ્ત્રને લગતાં પુસ્તકો લખનારા સર જોન વુડરોફનો જન્મ.